**વંથલીના ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોટમાં, વંથલી.**

GJJN220003752018

सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ રજુ કર્યા તારીખ | ૦૧–૧૨–૨૦૧૭ |
| કેસ નોંધ્યા તારીખ | ૦૧–૧૨–૨૦૧૭ |
| કેસ નિકાલ તારીખ | ૦૭–૦૪–૨૦૨૬ |
| સમય અવધિ | વર્ષ માસ દિવસ |
| | |

**રે.દી.અપીલ. ૭૫/૨૦૧૮**

**આંક–**

૧. નાથાભાઈ અરજણભાઈ ભેટારીયા
ઉ.વ.પર, ધમે–હિન્દુ, ધંધો–ખેતી.

૨. દેવસીભાઈ અરજણભાઈ ભેટારીયા
ઉ.વ. ૪૭ ધમે–હિન્દુ, ધંધો–ખેતી.
રે. ચીખલોદ્રા, તા. માણાવદર, જી.જુનાગઢ.

વિરૂધ્ધ

**ગુજ. ગગજી ડોસા ભેટારીયા ના વારસદારો**

૧. અરજણભાઈ ગગજીભાઈ ભેટારીયા

ઉ.વ.૬૨, ધંધો–ખેતી, ધમે–હિન્દુ

૨. હાજાભાઈ ગગજીભાઈ ભેટારીયા
ઉ.વ.૫૭, ધંધો–ખેતી ધમે—હિન્દુ

૩. રામભાઈ ગગજીભાઈ ભેટારીયા
ઉ.વ.૫૫,ધંધો–ખેતી, ધમે–હિન્દુ

૪. વિજયાબેન ગગજીભાઈ ભેટારીયા
ઉ.વ.૪૯,ધંધો–ખેતી ધમે–હિન્દુ,
રહે. તમામ, મુ.ચીખલોદ્રા,
તા.માણાવદર, જી.જુનાગઢ.

**બાબતઃ–માણાવદર ના નામદાર પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની**

બાબતઃ–માણાવદર ના નામદાર પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટના રે.દી.મુ.નં.૫૧/૨૦૧૦ ના કામમાં તા.૩૧/૦૭/૨૦૧૭ ના ઠરાવ તથા હુકમનામા સામે સી.પી.સી કલમ ૯૬ હેઠળ અપીલ.

એપેલેન્ટસ તરફે વકીલ આર.બી.ચૌહાણ.
રીસ્પોન્ડન્ટસ તરફે વકીલ એસ.ડી.ચાગલાણી.

**૧.** હાલની અપીલ સી.પી.સી. કલમ ૯૬ મુજબ માણાવદરના નામદાર પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબના રે.દી.મુ. નં. ૫૧/૨૦૧૦ ના કામે તા. ૩૧/૦૭/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ ઠરાવ અને હુકમનામાથી નારાજ થઈને અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે.

**૨.** વાદીઓએ માણાવદરની કોર્ટમાં એવી હકીકતો વાળો દાવો કરેલ કે ચીખલોદ્રા ગામની સીમની ખેતીની જમીન સર્વે નં. ૨૧ પૈકી/૧

(હે.આરે.ચો.મી. ૧–૪૭–૭૧) અપીલ કર્તાઓના પિતા પાસેથી તા. ૧૪/૦૫/૧૯૭૧ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૨૦ થી વાદી નંબર–૧ ના પતિ તથા નંબર ૨ થી ૫ ના પિતાશ્રી ગુજરનાર ગગજી ડોસાએ ખરીદ કરેલ હતી અને તેમના અવશાન બાદ વાદીઓ સદર મિલકતના માલીક તથા કબજેદાર છે તેવુ જ્ઞાપન મેળવવા પ્રતિવાદી નંબર–૧,૨ ના નામે જે એન્ટ્રીઓ પાડવામાં આવેલ છે તે એન્ટ્રીઓ એબ ઇનીસીયો વોઇડ છે તેવુ ઠરાવવા તથા સદર મિલકત ઉપર પ્રતિવાદીઓને કોઇ ચાર્જ ઉભો કરવા કે કોઇ પણ વ્યવહાર કરે કરાવે નહી તેવો હુકમ કરવા તથા સદર મિલકત અંગે વાદીઓ એન્ટ્રી પડાવવા હક્કદાર છે તેવુ જાહેર કરવા તથા સદર મિલકતમા વાદીઓનો કબજોહોય તેમા કોઇ પણ જાતની દખલ કરવા કે ખેતીકામ કરતા કે જતા આવતા કે ઉપયોગ ઉપભોગ કરતા અટકાવવાનો પ્રતિવાદીઓને કોઇ અધીકાર ન હોય સદર જમીનમાં વાદીઓને પ્રવેશ કરતા અટકાવે નહી કે પ્રતિવાદીઓ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે કરાવે નહી તેવો પ્રતિવાદીઓ સામે કાયમી મનાઇ હુકમ ફરમાવવા અરજ કરેલ, જે દાવાના કામે પ્રતિવાદીઓ હાજર થઇ દાવાજવાબ રજુ કરેલ. બાદ સદર દાવાના કામે ટ્રાયલ કોર્ટે મુદ્દા ઘડી પક્ષકારોનો પુરાવો રેકર્ડ કરી તેમજ પક્ષકારોની દલીલો ધ્યાને લઇ વાદીઓનો દાવો મંજુર થતા નીચે જણાવેલ કારણોસર પ્રતિવાદીઓએ આ અપીલ દાખલ કરેલ છે.

## ૩. અપીલના કારણો

- તા. ૩૧–૭–૨૦૧૭ ના આંક–૧૬૯ થી કરાયેલ ઠરાવ તથા આંક–૧૭૦ થી આપેલ હુકમનામું કાયદા તથા હકીકતના યોગ્ય મૂલ્યાંકન વિના કરવામાં આવેલ છે.
- એપેલેન્ટ દ્વારા આંક–૧૬૮ થી રજુ કરેલ લેખિત દલીલો તથા આંક–૧૯ થી રજુ કરેલ કાઉન્ટર–ક્લેઈમને ટ્રાયલ કોર્ટએ અવગણેલ છે.
- ટ્રાયલ કોર્ટે મુદ્દા નં.૧૦(અ)ને નકારમાં તથા મુદ્દા નં.૧૦(બ)ને હકારમાં ઠેરવવામાં કાયદા તથા હકીકતની વિરુદ્ધ ગંભીર ભૂલ કરેલ છે.
- કહેવાતો વેચાણ દસ્તાવેજ ૧૯૭૧ માં નોંધાયેલ હોવા છતાં રેવન્યુ

રેકર્ડમાં એન્ટ્રી ન કરાવવાના કારણે દાવાની ટકવાપાત્રતા અંગે યોગ્ય વિચારણા કરવામાં આવી નથી.

- રીસ્પોન્ડન્ટ/વાદીઓએ દાવાના કામે જરૂરી હકીકતો તથા પુરાવાઓ છુપાવેલ છે, જે ટ્રાયલ કોર્ટે અવગણેલ છે.
- મિલકત હસ્તાંતર તથા બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની જોગવાઈઓને ટ્રાયલ કોર્ટે અવગણેલ છે.
- એપેલેન્ટના કાઉન્ટર–ક્લેઈમ અંગે અલગથી ફાઈન્ડીંગ્ઝ આપ્યા વગર ટ્રાયલ કોર્ટે હુકમ તથા હુકમનામું કરેલ છે.
- સિવિલ પ્રોસિજર કોડ ઓર્ડર–૭ રુલ–૧૧ (ડી) હેઠળ યોગ્ય વિચારણા કર્યા વગર ટ્રાયલ કોર્ટે દાવો મંજુર કરેલ છે.
- એપેલેન્ટના નામે આજે પણ રેવન્યુ રેકોર્ડ નોંધાયેલ છે, છતાં ટ્રાયલ કોર્ટે ખોટા તારણો કાઢેલ છે.
- ઉપરોક્ત તમામ કારણો ધ્યાને લઈ ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ અને હુકમનામું રદ કરવા અરજ કરેલ છે.

**૪.** અપીલેન્ટ્સ દ્વારા અપીલ દાખલ કરતા રીસ્પોન્ડન્ટસને નોટિસ કરવામાં આવેલ છે જે અન્વયે તેઓ તેમના વકીલ શ્રી મારફતે હાજર થયેલ છે. આ અપીલના કામે રીસ્પોન્ડન્ટસ દ્વારા ક્રોસ ઓબ્જેક્શન ફાઈલ કરેલ નથી પરંતુ આ અપીલ દાખલ કરી તે પહેલા તેઓએ અલગથી અપીલ દાખલ કરેલ છે જે પેન્ડીંગ છે.

**૫.** ત્યારબાદ એપેલેન્ટ્સ તરફે આંક–૨૧ થી લેખિત દલીલો રજૂ થયેલ છે જે વંચાણે લીધેલ છે.

**૬.** ત્યારબાદ રિસ્પોન્ડેન્ટસ તરફે વિદ્વાન વકીલ શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે જેમાં એવી રજૂઆત કરેલ છે કે, ટ્રાયલ કોર્ટ દ્વારા તા. ૩૦–૦૭–૨૦૧૭ આંક–૧૬૯ થી કરાયેલ ઠરાવ તથા આંક–૧૭૦ થી આપેલ હુકમનામું કાયદેસર અને યોગ્ય છે કારણ કે ૧૯૭૧ માં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ માન્ય અને કાયદેસર રીતે રજીસ્ટર્ડ થયેલ છે, જે બાદ

વેચનારનો કોઈ અધિકાર બાકી રહેતો નથી; રેવન્યુ રેકોર્ડમાં એન્ટ્રી ન થવી માત્ર પ્રક્રીયાત્મક ખામી છે જે માલિકીના હકકને અસર કરતી નથી. એપેલન્ટ્સનો સપ્રેશન ઓફ મટીરીયલ ફેક્સનો કરેલ આક્ષેપ ખોટો છે કારણ કે વાદીઓએ તમામ જરૂરી દસ્તાવેજો રજૂ કરેલ છે. અપીલન્ટનો કાઉન્ટર–ક્લેઈમ કાયદેસર નથી કારણ કે તે જ દસ્તાવેજને પડકારવામાં આવ્યો છે જે પહેલેથી જ માન્ય છે. વિશેષમાં જણાવેલ છે કે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ તથા બોમ્બે લેન્ડ રેવેન્યુ કોર્ડની જોગવાઈઓ મુજબ માલિકી ખરીદનારને ટ્રાન્સફર થઈ ગઈ છે અને રેવન્યુ એન્ટ્રી માત્ર રેવેન્યુ મેળવવા માટે છે. ટ્રાયલ કોર્ટએ પુરાવા તથા દસ્તાવેજોનું યોગ્ય મૂલ્યાંકન કરીને હુકમ આપ્યો છે તેથી દાવો મેન્ટેનેબલ નથી તેમજ મીસ કેરેઝ ઓફ જસ્ટીસ થયેલ છે તેવી એપેલન્ટ્સની તકરાર ટકી શકે તેમ નથી. એપેલન્ટ્સ નામે રેવન્યુ રેકર્ડ હોવા છતાં તે માલિકીનો પુરાવો નથી તેથી ટ્રાયલ કોર્ટનો હુકમ કાયદેસર અને યોગ્ય છે. આ બાબતો લક્ષમા લઇ એપેલન્ટ્સની અપીલ રદ્દ કરવા અરજ કરેલ છે.

**૭.** આ અપીલના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્ધાઓ ઉભા થાય છે.

૧. શું ટ્રાયલ કોર્ટ દ્ધારા ૧૯૭૧ માં નોંધાયેલ કહેવાતા વેચાણ દસ્તાવેજને પુરાવા વિના માન્યતા આપીને વાદગ્રસ્ત હુકમ કરવામાં ભૂલ કરેલ છે ?

૨. શું ૧૯૭૧ ના કહેવાતા દસ્તાવેજ બાદ રેવન્યુ રેકોર્ડમાં એન્ટ્રી ન કરાવવાના કારણે દાવાની ચાલવા પાત્રતા અંગે ટ્રાયલ કોર્ટએ યોગ્ય ફાઈન્ડીંગ્ઝ નહી આપી ગંભીર ભૂલ કરેલ છે?

૩. શું ટ્રાયલ કોર્ટ દ્ધારા એપેલન્ટ્સના પ્રતિદાવા અંગે અલગથી ફાઈન્ડીંગ્ઝ આપ્યા વગર હુકમ તથા હુકમનામું કરેલ હોવાથી તે ગેરકાયદેસર છે?

૪. શું ટ્રાયલ કોર્ટ દ્ધારા મુદ્ધા નં.૧૦(અ)ને નકારમાં તથા મુદ્ધા નં.૧૦(બ)ને હકારમાં ઠેરવવામાં કાયદા તથા હકીકતની વિરુદ્ધ ગંભીર ભૂલ કરેલ છે?

૫. શું ટ્રાયલ કોર્ટનો હુકમ તથા હુકમનામું કાયદા તથા હકીકતની વિરુદ્ધ હોવાથી રદ્દ થવા પાત્ર છે ?

૮. ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો અને કારણો નીચે પ્રમાણે છે.

૧. નકારમાં.

૨. નકારમાં

૩. નકારમાં

૪. નકારમાં

૫. આખરી હુકમ મુજબ.

## કારણો.

**૯. મુદ્દા નંબર–૧ અંગે**

**૯/૧.** ઉપરોક્ત મુદ્દા અંગે જોઈએ તો શું ટ્રાયલ કોર્ટ દ્વારા ૧૯૭૧ માં નોંધાયેલ કહેવાતા વેચાણ દસ્તાવેજને પુરાવા વિના માન્યતા આપીને વાદગ્રસ્ત હુકમ કરવામાં ભૂલ કરેલ છે કે કેમ તે અંગે જોઈએ તો વાદીઓએ તા.૧૪–૫–૧૯૭૧ ના રોજ નોંધાયેલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નંબર ૧૨૦ ના આધારે વાદી નંબર–૧ પતિ તથા વાદી નંબર–૨ થી ૫ ના પિતા ગગજી ડોસાએ ખરીદેલ હતી અને તે વેચાણ દસ્તાવેજના આધારે તેઓ માલીક બનેલા હતા અને તેઓના અવસાન બાદ દાવાવાળી મિલકતના માલિક વાદીઓ બનેલા હોવાની દાદ માંગેલ છે. આ દાદ અંગે ટ્રાયલ કોર્ટે આપેલ તારણો જોઈએ તો ટ્રાયલ કોર્ટે નોંધેલ છે કે વાદીઓએ ૧૯૭૧ નો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ (આંક–૬૦) રજૂ કરેલ છે, જે કાયદેસર રીતે નોંધાયેલ છે અને દસ્તાવેજી પુરાવાથી સાબીત કરેલ છે કે વાદીઓના પિતા ગગજી ડોસા ભેટારીયાએ જમીન ખરીદી હતી અને કબજો પણ મેળવ્યો હતો. પ્રતિવાદીઓએ એવી દલીલ કરેલ છે કે તેમના પિતા શારીરિક રીતે અશક્ત અને માનસીક રીતે અસ્થીર હતા અને તે કારણે દસ્તાવેજ કરી આપે તે સ્થીતીમાં ન હતા તે હકીકતો સાબિત કરી શક્યા નથી. ટ્રાયલ કોર્ટે એવું પણ માનેલ છે કે રેવન્યુ એન્ટ્રીથી માલિકી બદલાતી નથી કારણ કે વેચાણ

દસ્તાવેજને પ્રાથમિકતા મળે છે. ટ્રાયલ કોર્ટે એવું પણ માનેલ છે કે વાદીઓએ માલિકી અને કબજો સાબિત કર્યો છે, તેથી તેઓ જ્ઞાપન અને કાયમી મનાઈ હુકમની દાદ મેળવવા અધિકાર ધરાવે છે. ટ્રાયલ કોર્ટે એવું પણ ઠરાવેલ છે કે પ્રતિવાદીઓ વાદગ્રસ્ત વેચાણ દસ્તાવેજ ખોટો છે તેવું સાબિત કરવામાં નિષ્ફળ ગયેલા છે.

૯/૨. ટ્રાયલ કોર્ટે આપેલ ઉપરોક્ત તારણો ખોટા છે કે કેમ તે અંગે સૌ પ્રથમ એપેલેન્ટ દ્વારા તેના અપીલ મેમોમાં જણાવેલ કારણો જોઈએ તો ટ્રાયલ કોર્ટે આંક–૬૦/૮૯ વાળા દસ્તાવેજ કે જેને સેકન્ડરી એવીડન્સ તરીકે ટ્રીટ કરેલ છે તેમજ તે દસ્તાવેજ ૩૦ વર્ષ જૂનો હોય તેની ગ્રાહ્યતા અંગે તેમજ દસ્તાવેજ પુરવાર કરવાની જોગવાઈઓ અંગે કરેલ વિગતવાર ચર્ચા ખોટી રીતે કરેલ હોય તે અંગે કોઈ કારણ અપીલ મેમોમાં જણાવેલ નથી. આથી વાદીઓ જે દસ્તાવેજના આધારે પોતાનો દાવો લઈ આવેલ છે તે દસ્તાવેજ ખોટી રીતે અમલમાં લાવવામાં આવેલ હોય તે બાબત આ અપીલના કામે બિન તકરારી છે. ત્યારબાદ પ્રતિવાદીઓના પિતા જે તે વખતે શારીરિક ખોડ ખાપણ ધરાવતા હતા અને તે કારણે તે દસ્તાવેજ કરી આપી શકે તેવી સ્થીતીમાં ન હતા તે તકરાર અંગે ટ્રાયલ કોર્ટે પોતાના જજમેન્ટમાં પ્રતિવાદીઓ તરફે રજૂ થયેલ સાક્ષીઓનો પુરાવો પરસ્પર વિરોધાભાસી હોવાનું જણાવીને પ્રતિવાદીઓની આ તકરાર સાબિત થયેલ નથી તેવું ઠરાવેલ છે તેમજ ટ્રાયલ કોર્ટે વિશેષમાં નોંધેલ છે કે એ જ દિવસે અર્જનભાઈએ બીજી જમીનનું વેચાણ પણ કર્યું હતું તથા વર્ષ ૧૯૫૯માં તેમણે જમીન ખરીદી હતી, જે દર્શાવે છે કે તેઓ માનસીક રીતે સ્વસ્થ હતા અને કાયદેસર વ્યવહાર કરતા હતા. ટ્રાયલ કોર્ટના આ તારણને પણ અપીલ મેમોમાં એપેલેન્ટ દ્વારા પડકારવામાં આવેલ નથી તેથી દાવાવાળા વિષયવસ્તુના દસ્તાવેજ સમયે એપેલેન્ટ્સના પિતા શારીરીક રીતે અશક્ત હતા તેવી તકરાર ટકી શકે તેમ નથી. આથી ઉપરોક્ત મુદ્દા અંગે ટ્રાયલ કોર્ટનું તારણ ભૂલ ભરેલું અને ગેરકાયદેસરનું છે તેવી એપેલેન્ટ્સની તકરાર ટકી શકે તેમ ન હોય તેથી મુદ્દા નંબર–૧ નો નિર્ણય નકારમાં આપું છું.

**મુદ્દા નંબર–૨ અંગે.**

**૯/૩.** સને ૧૯૭૧ ના કહેવાતા દસ્તાવેજ બાદ રેવન્યુ રેકોર્ડમાં એન્ટ્રી ન કરાવવાના કારણે દાવાની ચાલવા પાત્રતા અંગે ટ્રાયલ કોર્ટએ યોગ્ય ફાઈન્ડિંગ્સ ન આપી ભુલ કરેલ છે કે કેમ તે અંગે જોઈએ તો ટ્રાયલ કોર્ટે પોતાના જજમેન્ટના પાના નંબર–૪૫ અને ૪૬ માં નોંધેલ છે કે વાદીઓના પિતા સરપંચ હતા અને તેમણે પદનો દુરુપયોગ કરીને ખોટો વેચાણ દસ્તાવેજ તૈયાર કરેલ અને આ મુદ્દે પ્રતિવાદીઓએ બે સાક્ષીઓને (આંક–૧૩૭ અને આંક–૧૩) તપાસેલ છે, પરંતુ તેઓ પૈકી કોઈએ પણ વિશ્વસનીય પુરાવો રજૂ કર્યો નથી કે જે દર્શાવે કે અરજદારના પિતા ખરેખર સરપંચ હતા. ટ્રાયલ કોર્ટે વધુમાં નોંધેલ છે કે ભલે અરજદારના પિતા સરપંચ હતા તેમ માની લેવામાં આવે, તો પણ પ્રતિવાદીઓની અગાઉની દલીલો કે તેમના પિતા માનસીક રીતે અસ્વસ્થ હતા અને જમીન તેમના નામે નહોતી તે સાબિત થયેલ નથી, તેથી આ દલીલથી પ્રતિવાદીઓને કોઈ લાભ મળતો નથી. વિશેષમાં ટ્રાયલ કોર્ટે સ્પષ્ટ કરેલ છે કે અરજદારોએ પોતાના નામે રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી કરાવી નથી, પરંતુ તે હકીકતથી વેચાણ દસ્તાવેજ ખોટો કે બનાવટી હોવાનું સાબિત થતુ નથી કારણ કે રેવન્યુ એન્ટ્રી માત્ર મહેસુલ ઉઘરાવવાના હેતુ માટે હોય છે, તેનાથી માલિકી નક્કી થતી નથી. આ હકીકતના સમર્થનમાં ટ્રાયલ કોર્ટે ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ (Ratilal Chunilal Solanki v/s Shantilal Chunilal Solanki, 1996(1) GLH 816 અને Kantibhai Ishwarbhai Patel v/s Chandrakant Ishwarbhai Patel, 2006(1) GLH 171) નો ઉલ્લેખ કરીને સ્પષ્ટ કરેલ છે કે રેવન્યુ એન્ટ્રીથી માલિકી નક્કી થતી નથી, માલિકી નક્કી કરવાની સત્તા માત્ર સિવિલ કોર્ટને છે અને રેવન્યુ એન્ટ્રીથી માલિકી કે હક ઊભા થતા ન હોય તો પણ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજના આધારે તેમની માલિકી અને કબજો કાયદેસર રીતે માન્ય છે. ટ્રાયલ કોર્ટના આ ફાઈન્ડીગ્ઝને એપેલેન્ટસ દ્વારા અપીલ મેમોમાં પડકારવામાં આવેલ નથી. આથી ટ્રાયલ કોર્ટે આ રેવન્યુ એન્ટ્રીની નોંધ અંગે વાદીઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી તે કારણે વાદગ્રસ્ત દસ્તાવેજ ગેરકાયદેસરનો હોવાનું માની શકાય નહીં. આથી મુદ્દા નંબર–૨ નો નિર્ણય નકારમાં આપું છું.

**મુદ્દા નંબર–૩ અંગે.**

**૯/૪.** ત્યારબાદ ટ્રાયલ કોર્ટ દ્વારા પ્રતિવાદીના પ્રતિદાવા અંગે અલગથી ફાઈન્ડીગ્ઝ આપ્યા વગર હુકમ તથા હુકમનામું કરેલ હોવાથી તે કાયદેસર છે કે કેમ તે અંગે જોઈએ તો પ્રતિવાદી એ તેના પ્રતિદાવામાં એવી દાદ માંગેલ છે કે વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર ૧૨૦, તા. ૧૪–૫–૧૯૭૧ વાળો છળકપટથી મેળાપીપણુ કરી તથા પ્રતિવાદીના પિતાશ્રીની પરીસ્થીતીનો ગેરલાભ લઈ અને વાદીઓના વડીલ સરપંચ હોવાના નાતે પોતાની સત્તાનો દુરઉપયોગ કરી બનાવેલ હોય તે દસ્તાવેજ રદ્દબાતલ ઠરાવવા તથા દાવાવાળી મિલકત પ્રતિવાદીઓની માલિકી કબજા ભોગવટાની હોય તેનો ઉપયોગ કરવા બાબતે મનાઈ હુકમ માંગણી કરેલ છે. પ્રતિવાદીઓએ ઉપરોક્ત જણાવેલ વેચાણ દસ્તાવેજ રદ્દબાતલ ઠરાવવા માટે આપેલ કારણો અંગે ઉપરોક્ત મુદ્દા નંબર–૨ માં કરેલ ચર્ચા મુજબ પ્રતિવાદીઓના વડીલે વાદીઓના વડીલને દાવાવાળી મિલકતનો દસ્તાવેજ કરી આપ્યા અંગે વિસ્તૃત રીતે ચર્ચા કરેલ હોય અને પ્રતિવાદીઓએ માંગેલ દાદ સદર ફાઈન્ડીંગ્ઝ વિરુદ્ધની હોય તેથી એકબીજાથી વિરુદ્ધ ની બંને દાદ મળી શકે નહીં. આથી પ્રતિવાદીઓના પ્રતિદાવા અંગે ટ્રાયલ કોર્ટ દ્વારા અલગથી ફાઈન્ડીંગ્ઝ આપેલ નથી તે કારણસર ટ્રાયલ કોર્ટનો હુકમ ભુલભરેલો છે તેવું માની શકાય નહીં.આથી મુદ્દા નંબર–૩ નો નિર્ણય નકારમાં આપું છું.

**મુદ્દા નંબર–૪ અંગે.**

**૯/૫.** ટ્રાયલ કોર્ટ દ્વારા મુદ્દા નં.૧૦(અ) ને નકારમાં તથા મુદ્દા નં.૧૦(બ) ને હકારમાં ઠેરવવામાં કાયદા તથા હકીકતની વિરુદ્ધ ગંભીર ભૂલ કરેલ છે કે કેમ તે અંગે જોઈએ તો મુદ્દા નંબર ૧૦(બી) અંગે પ્રતિવાદીઓ તરફે તેમને લેખીત દલીલમાં એવી તકરાર લીધેલ છે કે, સદર મુદ્દો વાદીએ સાબીત કરવાનો છે. વાદીના દાવાનું પ્લીડીંગ અને ઉલટતપાસ જોતા વાદીઓને આ જમીનના દસ્તાવેજની જાણ સને ૧૯૯૦ માં થયેલ છે અને ૧૯૯૦ પછી દસ્તાવેજને આધારે રેવન્યુ રેકર્ડમાં નોંધ પડાવેલ નથી અને દસ્તાવેજને આધારે તેનો કબ્જો છે તેવું કહી તા.૧૧/૮/૨૦૧૦ ના રોજ દાવો દાખલ કરેલ હોય વાદીના દાવાને પ્રથમ દર્શનીય રીતે સમયમર્યાદના કાયદાનો બાધ

નડે છે જે મુદ્દો વાદીઓ સાબીત કરી શકેલ ન હોય જેથી દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોય જેથી દાવો રદ્દ કરવાની જરૂર હતી, તેને બદલે આ મુદાનું અર્થઘટન હકારમાં આપવામાં ટ્રાયલ કોર્ટે ગંભીર ભુલ કરેલી છે જેથી પણ ટ્રાયલ કોર્ટનું જજમેન્ટ તથા હુકમનામું રદ્દ કરવા અરજ છે. એપેલન્ટ્સની આ તકરાર અંગે ટ્રાયલ કોર્ટે તેના હુકમમાં આપેલ તારણ જોઈએ તો, આ મુદ્દો ટ્રાયલ કોર્ટના અધિકારક્ષેત્ર વિષે હોય અને આ મુદ્દો પ્રતિવાદીની આંક–૭૯ અરજી પરથી ઉમેરવામાં આવ્યો હતો અને તે અરજીમાં વાદીઓએ રાજ્ય સામે દાદ માગેલ પરંતુ રાજ્યને પક્ષકાર તરીકે જોડેલ નથી તેથી રાજ્ય જરૂરી પક્ષકાર હોવાથી, ટ્રાયલ કોર્ટને અધિકાર નથી, કારણ કે રાજ્ય પક્ષકાર હોય ત્યારે કેસ માત્ર સિનિયર સિવિલ જજની અદાલતમાં ચાલે જ્યારે આ દાવો સિવિલ જજ જુનિયર ડિવિઝન દ્વારા ચલાવવામાં આવેલ છે જે દાવો ચલાવવા હુકુમત નથી તેમ જણાવેલ છે. આ તકરાર અંગે જોઈએ તો ટ્રાયલ કોર્ટે એવું તારણ આપેલ છે કે અગાઉ મુદ્દા નંબર ૧૦(એ) માં કરેલ ચર્ચા મુજબ જ્યારે રાજ્યને દાવાના કામે પક્ષકાર તરીકે જોડવામાં આવેલ હતા પરંતુ વાદીઓની અરજી અન્વયે રાજ્ય સામે માંગેલ દાદ જતી કરતા હોવાની વાદીઓ તરફે અરજી રજૂ થતા તે અરજી અન્વયે રાજ્ય સામે માંગેલ દાદ રદ્દ કરવાનો જે તે સમયે હુકમ થયેલ હોય અને બાકીની દાદ આપવા માટે સિવિલ કોર્ટ જુનિયર ડિવિઝનને સત્તા છે તેવું ફાઈન્ડીંગ્ઝ જ આપેલ છે અને તે ફાઈન્ડીંગ્ઝના આધારે મુદ્દા નંબર ૧૦(બી) અન્વયે સિવિલ કોર્ટને હુકુમત હોવાનું તારણ આપેલ છે. આમ ઉપરોક્ત રીતે કરેલ ચર્ચા મુજબ પ્રતિવાદીની તકરાર મુજબ સદર મુદ્દો લીમીટેશન અન્વયે નો છે પરંતુ ટ્રાયલ કોર્ટે આપેલ તારણ ટ્રાયલ કોર્ટના અધિકાર ક્ષેત્ર વિશે છે અને ઉપરોક્ત રીતે કરેલ ચર્ચા મુજબ ટ્રાયલ કોર્ટ સદર દાવો ચલાવવા અધિકાર હોય તેથી પ્રતિવાદીઓની આ સંબંધેની તકરાર ટકી શકે તેમ નથી. આથી મુદ્દા નંબર–૪ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નંબર–૫ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ.

- એપેલન્ટ્સની અપીલ નામંજૂર કરવામાં આવે છે.
- ટ્રાયલ કોર્ટે રેગ્યુલર દિવાની મુકદ્દમા નંબર ૫૧/૨૦૧૦ ના કામે

તા.૩૧–૦૭–૨૦૧૭ ના રોજ એપેલન્ટ્સનો કાઉન્ટર કલેઇમ નામંજુર કરી કરેલ હુકમ કાયમ રાખવામાં આવે છે.

- અપીલનું એપેલન્ટ્સનું તથા રીસ્પોન્ડન્ટ્સ ખર્ચ એપેલન્ટ્સએ ભોગવવુ.
- ટ્રાયલ કોર્ટનું રેકર્ડ સંબધિત કોર્ટને પરત મોકલી આપવાનો હુકમ કરવામા આવે છે.
- હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આ હુકમ આજરોજ તા.૦૭, માહે એપ્રીલ, સને ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

તા.૦૭–૦૪–૨૦૨૬. સલીમ બી.મનસુરી.
વંથલી ત્રીજા એડી.ડીસ્ટ્રીક્ટ જજ, વંથલી.
જીજે૦૦૬૯૮